WAAH
*We Are All Humans*

WAAH Science Laureate Awards 2023

# WAAH Science Laureate Awards 2023

For Innovative Research in Science for Society

Nominations are invited for

**Senior Laureate - 3 Awards**

**Junior Laureate - 4 Awards**

VIKRAM A SARABHAI COMMUNITY SCIENCE CENTRE

## Aim

WAAH Science Laureate Awards are aimed to encourage individuals as well as scientific community for research and also to recognize their research for addressing societal issues and working towards innovative solutions to such issues. It is also aimed at motivating young aspirants to pursue science and encourage them to continue their higher studies and research in various fields of science for overall development of the society.

## The Awards

### Category A: **Senior Laureate - 3 Awards**

**Awards for individuals for their research addressing societal issues**

| Award | Scholarship for Awardees | Fellowship for Mentors | Total Awards |
|---|---|---|---|
| Senior Laureate (3 Awards) | ₹1,00,000 each | ₹25,000 each | ₹3,75,000 and Citation |

**Who can apply?**

- Scientists, science educators, science communicators, research scholars, science teachers, professors as well as any individual researcher working in Gujarat are eligible to apply.
- The nominee should have born on or between 16 August 1983 - 15 August 2002.
- Award will be given to an individual (lead researcher) and their mentor (mentor will be considered only if they have provided significant contribution/guidance for the research).
- Nominee should be at least a graduate or equivalent.

### Category B: **Junior Laureate - 4 Awards**

**Awards for young achievers for their innovative research work benefiting society**

| Award | Scholarship for Awardees | Fellowship for Mentors | Total Awards |
|---|---|---|---|
| Junior Laureate (4 Awards) | ₹40,000 each | ₹15,000 each | ₹2,20,000 and Citation |

**Who can apply?**

- School and college students (up to undergraduate level or equivalent) as well as any young aspirant doing research for societal benefit is eligible to apply.
- The nominee should have born on or between 16 August 2002 - 15 August 2009.
- Award will be given to an individual (lead researcher) and their mentor (mentor will be considered only if they have provided significant contribution/guidance for the research).
- Nominee should have passed at least standard 8 or equivalent exam.

## Points to be Noted

- These Awards are for individuals (lead researcher) and not for institutions.
- Nomination form can be submitted in English/Gujarati/Hindi.
- The mentor and nominee should send factual information about the overall work pertaining to the award on basis of the stated criteria.
- Employees of Vikram A. Sarabhai Community Science Centre (VASCSC) or We Are All Humans (WAAH) Foundation or their family members are not eligible to apply for any of these awards.
- The decisions made by the jury of WAAH Science Laureate Awards will be final and binding.
- The work submitted for this award should primarily focus on the area of science and scientific research, making a meaningful contribution to society.
- The model/activity/prototype should highlight the use of local resources, material, and human skills in the field of science and technology.
- The research work should have future application for benefit of the society.
- The research work should have connection to Gujarat/people of Gujarat.
- Incomplete and delayed nomination will not be considered.

## Attachments required for Nomination Form

1. Passport size photograph of nominee.
2. Marksheet/Certificate providing nominee's highest education qualification.
3. Manuscript of proposed work:
   - The Manuscript/write-up of the submitted research work should be less than 1000 words.
   - The Manuscript must contain abstract of work done (about 150 words), introduction, methodology, results, conclusion and references, written in MS word/PDF format.
   - Published research paper/article/thesis should not be submitted as it is as the manuscript. The nominee will have to submit manuscript separately written for the award nomination.
   - The body of manuscript must be prepared on a 1.15 spacing and single column, 12-point Times New Roman font, with page numbers at the bottom-center of every page.
   - All the section heading should be in 14-points Times New Roman font and sub-section headings should be in 12-point Times New Roman font. These must be bold-faced aligned left and fully capitalized. Leave a blank line before each heading.
   - Figures and Tables must be simple, centered and numbered with the titles above each figures and tables.
4. Pictorial evidence of model/activity/prototype/video references of proposed work can be uploaded, maximum 5 photos/videos are allowed.

## Shortlisting and Selection

- Once the nomination forms are received with complete documentation, they will undergo preliminary screening.
- The shortlisted nominees will be informed through email.
- Shortlisted nominees may be invited to give presentation of their work before the panel of jury, if required. For presentation, the nominees can use English/Gujarati/Hindi language.
- No TA/DA will be provided to shortlisted nominees for giving the presentation.
- TA of up to 3 tier AC railway fare or bus fare will be provided to the outstation awardee and mentor for attending the award ceremony on submitting tickets.
- No TA/DA for parents/friends/relatives of the Nominee or Mentor will be provided.

The Award Ceremony will be scheduled around first week of January 2024 at Ahmedabad

## In addition to the scholarship/fellowship and citation

The awardees and mentors will be given due recognition on WAAH and VASCSC communication channels including websites, reports, social media pages and other networks.

Over the years, an Alumni Network of the past awardees will be formed, which may take up activities to promote the awardees and their work. All the awardees will become part of the Awardee Alumni Network.

For more details or queries, contact
90999 02351
waah@vascsc.org

QR Code / Link for Nomination
https://forms.gle/HBAADCLm2zeiXx5C6
Submission Deadline: **15 August 2023**

Designlab, VASCSC 2023

Last date for submitting the nominations
**15 August 2023**

WAAH
We Are All Humans

VIKRAM A SARABHAI COMMUNITY SCIENCE CENTRE

WAAH
We Are All Humans

WAAH સાયન્સ લોરીએટ એવોર્ડ્સ 2023

સમાજને લાભદાયી નવીન સંશોધન માટે

# WAAH સાયન્સ
# લોરીએટ એવોર્ડ્સ 2023

**શ્રેણી A: સિનિયર લોરિએટ - 3 પુરસ્કાર**

**શ્રેણી B: જુનિયર લોરિએટ - 4 પુરસ્કાર**

માટે નામાંકન આમંત્રિત કરવામાં આવી રહ્યા છે

વિક્રમ એ. સારાભાઈ
કોમ્યુનિટી સાયન્સ સેન્ટર

## હેતુ

સંશોધનકર્તાઓ અને જનસામાન્યને સમાજ માટે ઉપયોગી સંશોધન કરવા માટે પ્રોત્સાહન મળે અને સમાજને લગતાં પ્રશ્નો પર કામ કરી તેનાં ઉકેલની દિશામાં પ્રયત્ન કરવા બદલ તેમનાં સંશોધનનું સન્માન થાય એ હેતુથી WAAH સાયન્સ લોરિએટ એવોર્ડ્સ પ્રદાન કરવામાં આવે છે. વર્ષ 2023 માટે નામાંકન મંગાવવામાં આવી રહ્યા છે. ઉપરાંત યુવા સંશોધકોને વિજ્ઞાનનાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન મળે અને તેઓ સમાજને લાભદાયી વૈજ્ઞાનિક સંશોધનો કરવા પ્રેરાય એ પણ આ એવોર્ડ્સનો હેતુ છે.

## પુરસ્કારો

### શ્રેણી A: સિનિયર લોરિએટ (Senior Laureate) - 3 પુરસ્કાર

**સમાજને લગતાં કોઈપણ પ્રશ્નનાં ઉપાય માટે સંશોધન કરવા બદલ જનસામાન્ય માટે પુરસ્કાર**

| પુરસ્કાર | એવોર્ડ વિજેતા માટે સ્કોલરશીપ | માર્ગદર્શક માટે ફેલોશીપ | કુલ પુરસ્કાર |
|---|---|---|---|
| સિનિયર લોરિએટ (3 પુરસ્કાર) | દરેકને ₹1,00,000 | દરેકને ₹25,000 | ₹3,75,000 અને પ્રશસ્તિ પત્ર |

**કોણ અરજી કરી શકે?**

- ગુજરાતમાં રહી/ ગુજરાત માટે કામ કરતાં વૈજ્ઞાનિકો, વિજ્ઞાન પ્રસારકો, શિક્ષકો, સંશોધનકર્તાઓ અને કોઈપણ વ્યક્તિ પોતાનું નામાંકન મોકલી શકે છે.
- અરજદાર (નોમિની) ની જન્મતારીખ 16 ઓગસ્ટ 1983, 15 ઓગસ્ટ 2002 કે તેની વચ્ચેની હોવી જોઈએ.
- આ એવોર્ડ વ્યક્તિગત છે, જે અરજદાર (અગ્રણી સંશોધક) અને તેમનાં મેન્ટર (ગુરુ/શિક્ષક/માર્ગદર્શક) ને આપવામાં આવશે (જો મેન્ટરનું સંશોધનમાં નોંધપાત્ર પ્રદાન કે માર્ગદર્શન હશે તો જ એમને પુરસ્કાર માટે લક્ષમાં લેવામાં આવશે).
- નામાંકન કરનાર વ્યક્તિની ન્યુનતમ લાયકાત સ્નાતક અથવા સમકક્ષ હોવી જોઈએ.

### શ્રેણી B: જુનિયર લોરિએટ (Junior Laureate) - 4 પુરસ્કાર

**સમાજ ઉપયોગી સંશોધન કરવા બદલ યુવા સંશોધકોને પુરસ્કાર**

| પુરસ્કાર | એવોર્ડ વિજેતા માટે સ્કોલરશીપ | માર્ગદર્શક માટે ફેલોશીપ | કુલ પુરસ્કાર |
|---|---|---|---|
| જુનિયર લોરિએટ (4 પુરસ્કાર) | દરેકને ₹40,000 | દરેકને ₹15,000 | ₹2,20,000 અને પ્રશસ્તિ પત્ર |

**કોણ અરજી કરી શકે?**

- શાળા અને કોલેજનાં વિદ્યાર્થીઓ (અનુસ્નાતક સ્તર સુધીનાં) તથા સમાજને લાભદાયી સંશોધન કરનાર કોઈપણ યુવા સંશોધક પોતાનું નામાંકન મોકલી શકે છે.
- અરજદાર (નોમિની) ની જન્મતારીખ 16 ઓગસ્ટ 2002, 15 ઓગસ્ટ 2009 કે તેની વચ્ચેની હોવી જોઈએ.
- આ એવોર્ડ વ્યક્તિગત છે, જે અરજદાર (અગ્રણી સંશોધક) અને તેમનાં મેન્ટર (ગુરુ/શિક્ષક/માર્ગદર્શક) ને આપવામાં આવશે (જો મેન્ટરનું સંશોધનમાં નોંધપાત્ર પ્રદાન કે માર્ગદર્શન હશે તો જ એમને પુરસ્કાર માટે લક્ષમાં લેવામાં આવશે).
- નામાંકન કરનાર વ્યક્તિએ ઓછામાં ઓછા આઠમા ધોરણ અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ.

## નોંધ

- આ પુરસ્કારો વ્યક્તિગત (અગ્રણી સંશોધક) તથા તેમના માર્ગદર્શકને આપવામાં આવશે, આ પુરસ્કારો સંસ્થાઓ માટે નથી.
- નામાંકન અંગ્રેજી/ગુજરાતી/હિન્દીમાં મોકલી શકાશે.
- જણાવેલ માપદંડોના આધારે માર્ગદર્શક અને અરજદારોએ પુરસ્કારને લગતા કાર્ય વિશે સુયોગ્ય તથા સચોટ માહિતી મોકલવી.
- વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર (VASCSC) તથા વી આર ઓલ હ્યુમન્સ (WAAH) ફાઉન્ડેશનના કર્મચારીઓ અથવા તેમના પરિવારના સભ્યોમાંથી કોઈપણ એવોર્ડ માટે અરજી કરવા પાત્ર નથી.
- WAAH સાયન્સ એવોર્ડના નિર્ણાયકો દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અંતિમ અને બંધનકર્તા રહેશે.
- આ પુરસ્કાર માટે મોકલેલું કાર્ય મુખ્યત્વે વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન પર કેન્દ્રિત હોવું જોઈએ, જે સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપી શકે.
- મોડેલ/પ્રવૃતિ/પ્રોટોટાઈપમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રમાં સ્થાનિક સંસાધનો અને સામગ્રીના ઉપયોગો તથા માનવીય કૌશલ્યોનો ઉલ્લેખ હોવો જોઈએ.
- સંશોધન ભવિષ્યમાં સમાજ માટે ઉપયોગી પુરવાર થઇ શકે તેવું હોવું જોઈએ, સંશોધનનો ગુજરાત/ગુજરાતનાં લોકો સાથે સંબંધ હોવો જોઈએ.
- અધૂરું કે વિલંબિત નામાંકન ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

## નોમિનેશન ફોર્મ માટે જરૂરી બીડાણ

1. અરજદાર (નોમિની)નો પાસપોર્ટ સાઇઝ ફોટો
2. અરજદાર (નોમિની)ની ઉચ્ચતમ શૈક્ષણિક લાયકાત દર્શાવતી માર્કશીટ/પ્રમાણપત્ર
3. પ્રસ્તુત કાર્યની હસ્તપ્રતઃ
   - સંશોધનકાર્યનું લખાણ (મનુસ્ક્રીપ્ટ) 1000 કે તેથી ઓછા શબ્દોમાં લખીને મોકલવાનું રહેશે, જેમાં સંશોધનકાર્યનો સંક્ષેપ (લગભગ 150 શબ્દોમાં), પ્રસ્તાવના, પદ્ધતિ, પરિણામો, નિષ્કર્ષ અને સંદર્ભનો સમાવેશ થવો જોઈએ. આ લખાણ માઈક્રોસોફ્ટ વર્ડ (MS Word) કે પીડીએફ (PDF) ફાઈલ બનાવીને મોકલવું.
   - પ્રકાશિત થયેલ સંશોધનપત્ર, લેખ કે શોધ-નિબંધ (થીસિસ) એ નાં એજ ફોર્મેટમાં મનુસ્ક્રીપ્ટ તરીકે મોકલી શકાશે નહીં. આ એવોર્ડ્સમાં નામાંકન મોકલવા માટે અલગથી મનુસ્ક્રીપ્ટ તૈયાર કરીને મોકલવાની રહેશે.
   - હસ્તપ્રતનો મુખ્ય ભાગ 1.15 અંતર (સ્પેસિન્ગ) સાથે, સિંગલ કોલમ, 12-પોઇન્ટ ટાઇમ્સ ન્યૂ રોમન ફોન્ટ પર તૈયાર થયેલો હોવો જોઈએ, જેમાં દરેક પૃષ્ઠના અંતે પૃષ્ઠ નંબરો હોય.
   - તમામ વિભાગના મથાળા 14-પોઇન્ટના ટાઇમ્સ ન્યૂ રોમન ફોન્ટમાં હોવા જોઈએ અને પેટા-વિભાગના મથાળા 12-પોઇન્ટ ટાઇમ્સ ન્યૂ રોમન ફોન્ટમાં હોવા જોઈએ. તે ઘાટા (બોલ્ડ-ફેસ), ડાબે સંરેખિત અને સંપૂર્ણ પણે કેપિટલ હોવા જોઈએ. આ ઉપરાંત દરેક મથાળા પહેલાં ખાલી લીટી છોડેલ હોવી જોઈએ.
   - દરેક આકૃતિ, કોષ્ટકો તથા તેની ઉપરના શીર્ષકો સરળ, કેન્દ્રિત અને ક્રમાંકિત હોવા જોઈએ.
4. પ્રસ્તાવિત કાર્યના મોડેલ/પ્રવૃત્તિ/પ્રોટોટાઇપ/વિડિયોના સચિત્ર પુરાવા અપલોડ કરી શકાય છે, મહત્તમ 5 ફોટા/વિડિયોની મંજૂરી છે.

## પસંદગીની પ્રક્રિયા

- એકવાર અરજી ફોર્મ સંપૂર્ણ દસ્તાવેજો સાથે પ્રાપ્ત થઈ ગયા બાદ અરજીઓ પ્રાથમિક તપાસમાંથી પસાર થશે.
- પસંદગી પામેલ અરજદારોને ઈમેલ દ્વારા જાણ કરવામાં આવશે.
- પસંદગી પામેલ અરજદારોને જો જરૂરી લાગશે તો નિર્ણાયકો સમક્ષ તેમના કાર્યની રજૂઆત કરવા માટે આમંત્રિત કરવામાં આવી શકે છે. રજૂઆત માટે અરજદારો અંગ્રેજી/ગુજરાતી/હિન્દી ભાષાનો ઉપયોગ કરી શકે છે.
- પોતાનાં સંશોધનકાર્યની રજૂઆત (પ્રેઝન્ટેશન) કરવા આવનાર પસંદગી પામેલ અરજદારોને મુસાફરી કે અન્ય કોઈ ભથ્થું આપવામાં આવશે નહીં.
- એવોર્ડ સમારોહમાં હાજરી આપવા બહારગામથી આવેલાં એવોર્ડ-વિજેતા (અગ્રણી સંશોધક) અને એમનાં મેન્ટરને ત્રીજી શ્રેણી (એસી) નું રેલ્વે ભાડું અથવા બસ ભાડું ટીકીટ રજુ કર્યા પર આપવામાં આવશે.
- એવોર્ડ-વિજેતા (અગ્રણી સંશોધક) કે એમનાં મેન્ટરનાં મિત્રો/માતા-પિતા કે અન્ય કોઈ સગા-સંબંધીઓને મુસાફરી કે અન્ય કોઈ ભથ્થું આપવામાં આવશે નહીં.

**એવોર્ડ સમારોહ જાન્યુઆરી 2024 ના પ્રથમ સપ્તાહની આસપાસ અમદાવાદ ખાતે યોજાશે**

**સ્કોલરશીપ/ફેલોશીપ અને પ્રશસ્તિ પત્ર ઉપરાંત**

પુરસ્કાર મેળવનાર અને તેમનાં મેન્ટરને WAAH અને VASCSC કોમ્યુનિકેશન ચેનલો જેમકે વેબસાઇટ્સ, રિપોર્ટ્સ, સોશિયલ મીડિયા પેજીસ અને અન્ય નેટવર્ક્સ પર યોગ્ય પ્રશસ્તિ આપવામાં આવશે.

આવનારા વર્ષોમાં, પુરસ્કૃત વિજેતાઓનું નેટવર્ક બનાવવામાં આવશે, જે WAAH પુરસ્કાર અને તેમના કાર્યને પ્રોત્સાહન આપવા માટે પ્રવૃત્તિઓ હાથ ધરશે. તમામ પુરસ્કાર વિજેતા 'એવોર્ડ એલ્યુમનાઈ' નેટવર્કનો ભાગ બનશે.


વધુ માહિતી માટે સંપર્ક કરો:
90999 02351
waah@vascsc.org


નામાંકન માટે QR કોડ તથા લિંક:
https://forms.gle/HBAADCLm2zeiXx5C6

અરજી કરવાની છેલ્લી તારીખ: **15 ઓગસ્ટ 2023**

Designlab, VASCSC 2023

નામાંકન મોકલવાની છેલ્લી તારીખ
**15 ઓગસ્ટ 2023**

WAAH
We Are All Humans

વિક્રમ એ. સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર